# આકાશવાણી-ભુજ

**સમાચારવાચક : કલ્પના શાહ**

કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૮-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## સાતમા તબક્કાનું જાહેર નામું બહાર પડ્યું :

લોકસભાની આગામી પહેલી જૂને યોજાનારી સાતમા અને આખરી તબક્કાની ચૂંટણી માટે આજે જાહેરનામુ બહાર પડતાં ઉમેદવારી પત્રો સ્વીકારવાનો આરંભ થયો છે.આગામી 14મી મે સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.સાતમા તબક્કામાં લોકસભાની સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે મતદાન થશે જેમાં ઉત્તરપ્રદેશ અને પંજાબની 13-13,પશ્ચિમ બંગાળની 9,બિહારની આઠ, ઓડિશાની છ,હિમાચલ પ્રદેશની ચાર,ઝારખંડની ત્રણ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની એક બેઠકનો સમાવેશ થાય છે.

**RNU અમદાવાદ**

---

## ચોથા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ :

**લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ પાર્ટીઓના નેતાઓએ પ્રજાને રિઝવવાના પ્રયાસો તેજ કર્યા છે.આ તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 96 બેઠકો માટે મતદાન થશે. જેમાં આંધ્ર પ્રદેશની 25,તેલંગાણાની 17 બેઠકો ઉપરાંત ઉત્તર પ્રદેશની 13,મહારાષ્ટ્રની 11,**

**પશ્ચિમ બંગાળની 8, મધ્ય પ્રદેશની 8, બિહાર અને ઝારંખડની 5, ઓડિશાની 4 તેમજ જમ્મૂ અને કાશ્મીરની એક બેઠક માટે મતદાન થવાનું છે.**

**ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.તો કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. પ્રિયંકા ગાંધી વાડ્રાએ અહીં રોજગાર અને મહિલા અનામતના મુદ્દા પર સરકાર પર પ્રહાર કર્યા હતા.**

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકસભા ચૂંટણીમાં ઉત્સાહપૂર્વક અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મોટાપાયે મતદાન કરવા બદલ રાજ્યના નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રીએ કેન્દ્રીય ચૂંટણી પંચ અને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

તેમણે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, પોલીસ તંત્ર,કેન્દ્રીય અર્ધ લશ્કરી દળો સહિતના ફરજ પરના સૌ અધિકારીઓ કર્મચારીઓની ફરજ નિષ્ઠાની પણ પ્રસંશા કરી હતી.

શ્રી પટેલે લોકશાહીના આ ચૂંટણી મહાપર્વને ઉમંગ પર્વ તરીકે મનાવવા બદલ સમગ્ર રાજ્યની જનતા જનાર્દનને અભિનંદન પાઠવ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## ઉમેદવારોનું ભાવિ-ઈવીએમમાં સીલ :

રાજ્યભરમાં ગઇકાલે યોજાયેલી લોકસભાની 25 બેઠકો અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના ઉમેદવારોનું રાજકીય ભાવી ઇવીએમમાં સીલ થઇ ગયું છે.મોટાભાગના ઇવીએમ બેઠક દીઠ તેના મુખ્યમથક ખાતે પહોંચી ગયા છે.આ તમામ ઇવીએમને જે તે બેઠકની તૈયાર કરાયેલા સ્ટ્રોગં રૂમમાં સીલ કરી દેવાયા છે.

ચોવીસ કલાક સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ આ તમામ ઇવીએમ સુરક્ષિત કરી દેવાયા છે.ઉપરાંત સ્ટોંગરૂમની બહાર પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.હવે આ ઇવીએમ ચોથી જૂનના રોજ યોજાનારી મતગણતરીના દિવસે જ ખોલવમાં આવશે.જીલ્લામાં શાંતિપુર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થયા બાદ શીલ થયેલા ઈ.વી.એમ 27 દિવસ સુધી ભુજની ઈજનેર કોલેજના સ્ટ્રોંગરૂમમાં સીલ રહેશે.

**RNU અમદાવાદ**

---

# રેડક્રોસ દિવસ-થેલીસીમીયા દિવસની ઉજવણી :

આજે રેડક્રોસ દિવસ છે.ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાના પ્રમુખ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ અવસરે રેડક્રોસના માનવીય મિશનને સમર્થન અને સહયોગ આપવાની અપીલ કરી છે.

તેમણે કહ્યું હતું કે,આ વર્ષ 'માનવતાને જીવંત રાખીએ' ના વિષય સાથે ઉજવાઈ રહ્યું છે,રક્તદાન અને નેત્રદાનમાં દેશમાં પ્રથમ ગુજરાત રેડક્રોસ વર્ષે 2 લાખથી વધારે યુનિટ રક્ત એકત્ર કરીને જરૂરિયાતમંદ લોકોને આપે છે,આ કામગીરીને પણ તેમણે બિરદાવી હતી.

જીલ્લા મથક ભુજ ખાતે પણ જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં ચાલતા થેલેસેમીયા સેન્ટરમાં હોસ્પિટલ અને રોટરી વોલસિટી દ્વારા વિશ્વ થેલેસેમીયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સેન્ટરમાં દાખલ થયેલા બાળકોને પ્રિય એવા રમકડાંઓ વગેરે ગોઠવી બાળકો સાથે ગોષ્ઠિ કરવામાં આવી

હતી.અત્રે જણાવીએ કે, દરરોજ સરેરાશ ૧૦ થી ૧૫ બાળકોને અહી સારવાર આપવામાં આવે છે.

**RNU અમદાવાદ**

---

## ગરમીની આગાહી :

રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચો જઇ રહ્યો છે. દરમિયાન હવામાન વિભાગે આગામી દિવસોમાં કચ્છ અને સૌરાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે.આજે અમદાવાદ,સુરેન્દ્રનગર તેમજ ભૂજમાં મહત્તમ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.ઉપરાંત રાજકોટમાં મહત્તમ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાનો નોંધાયું હતું.

**NP-કલ્પના શાહ**

---